# સમાન તક એ કાયદો છે

ફેડરલ નાણાકીય સહાયતાના આ પ્રાપ્તિકર્તા માટે નીચેના આધારો પર ભેદભાવ કરવો એ કાયદાની વિરુદ્ધ છે: યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઇપણ વ્યક્તિ સામે વંશ, રંગ, ધર્મ, લિંગ (ગર્ભાવસ્થા, બાળજન્મ અને સંબંધિત તબીબી સ્થિતિઓ, લિંગ સ્ટીરીયોટાઇપિંગ, ટ્રાન્સજેન્ડર સ્થિતિ અને લિંગ ઓળખ સહિત), રાષ્ટ્રીય મૂળ (મર્યાદિત અંગ્રેજીની નિપુણતા સહિત), ઉંમર, વિકલાંગતા અથવા રાજકીય જોડાણ અથવા માન્યતના આધારે, અથવા વર્કફોર્સ ઇનોવેશન એન્ડ ઓપોર્ચ્યુનીટી એક્ટના ટાઇટલ I હેઠળ નાણાકીય સહાયિત કાર્યક્રમોના કોઇપણ લાભાર્થી, અરજદાર અથવા સહભાગી સામે, વ્યક્તિની નાગરિકતાની સ્થિતિ અથવા કોઇપણ WIOA ટાઇટલ I– નાણાકીય સહાયિત કાર્યક્રમ અથવા પ્રવૃતિમાં સહભાગિતાના આધારે.

પ્રાપ્તિકર્તાએ નીચેનામાંથી કોઇપણ ક્ષેત્રમાં ભેદભાવ રાખવો જોઈએ નહીં: કોઇપણ WIOA ટાઇટલ I- નાણાકીય સહાયિત કાર્યક્રમ અથવા પ્રવૃતિમાં કોને પ્રવેશ આપવામાં આવશે અથવા પહોંચ હશે તે નક્કી કરવામાં; આવા કાર્યક્રમ અથવા પ્રવૃતિના સંબંધમાં કોઇપણ વ્યક્તિને તકો પૂરી પાડવામાં અથવા તેની સાથે વ્યવહાર કરવામાં; અથવા આવા કાર્યક્રમ અથવા પ્રવૃતિના સંચાલનમાં અથવા સંબંધમાં રોજગારના નિર્ણયો લેવામાં.

ફેડરલ નાણાકીય સહાયતાના પ્રાપ્તિકર્તાઓએ એ સુનિશ્ચિત કરવા માટે ઉચિત પગલાઓ લેવા જોઈએ કે વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ સાથેની વાતચીતો અન્ય લોકો સાથેની વાતચીતો જેટલી જ અસરકારક હોય. આનો અર્થ એ થાય કે વિનંતી પર અને વ્યક્તિને કોઇપણ ખર્ચ વગર, પ્રાપ્તિકર્તાઓએ વિકલાંગતા ધરાવતા લાયક વ્યક્તિઓને યોગ્ય સહાયક સાધનો અને સેવાઓ પૂરી પાડવી જરૂરી છે.

## જો તમને લાગતું હોય કે તમે ભેદભાવનો અનુભવ કર્યો છે તો શું કરવું

જો તમને લાગે કે તમે WIOA ટાઇટલ I– નાણાકીય સહાયિત કાર્યક્રમ અથવા પ્રવૃત્તિ હેઠળ ભેદભાવને આધીન બન્યા છો તો, તમે કથિત ઉલ્લંઘનની તારીખથી 180 દિવસની અંદર ફરિયાદ દાખલ કરી શકો છો: ક્યાં તો પ્રાપ્તિકર્તાના ઇક્વલ ઓપોર્ચ્યુનીટી ઓફિસર (અથવા આ હેતુ માટે પ્રાપ્તિકર્તાએ જેની નિયુક્ત કરેલ છે તે વ્યક્તિ) સમક્ષ;

લુઇસ ડી સોસા, સ્ટેટ ઇક્વલ ઓપોર્ચ્યુનીટી ઓફિસર, NJ ડીપાર્ટમેન્ટ ઓફ લેબર
પી.ઓ. બોક્સ 110, ટ્રેન્ટન, NJ 08625
ઇમેઇલ: luis.desousa@dol.nj.gov; ટેલિ.: 609-649-0262; TDD: 1-800-949-4232
અથવા

**ડિરેક્ટર, સિવિલ રાઇટ્સ સેન્ટર (CRC), યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઓફ લેબર**
**200 કોન્સ્ટિટ્યુશન એવન્યુ NW, રૂમ N-4123, વોશિંગ્ટન, DC 20210**
અથવા CRC વેબસાઇટ www.dol.gov/crc પર નિર્દેશ આપ્યા મુજબ ઇલેક્ટ્રોનિક રીતે.

જો તમે પ્રાપ્તિકર્તા સમક્ષ તમારી ફરિયાદ દાખલ કરો તો, તમારે સિવિલ રાઇટ્સ સેન્ટર (સરનામું ઉપર જુઓ) સમક્ષ ફરિયાદ દાખલ કરતા પહેલા પ્રાપ્તિકર્તા અંતિમ કાર્યવાહીની લેખિત નોટીસ જારી કરે નહીં

ત્યાં સુધી અથવા 90 દિવસો પસાર થાય નહીં ત્યાં સુધી (જે પણ વહેલું હોય ત્યાં સુધી) રાહ જોવી જરૂરી છે. જો પ્રાપ્તિકર્તા તમે જે દિવસે તમારી ફરિયાદ દાખલ કરી હતી તે દિવસના 90 દિવસોની અંદર અંતિમ કાર્યવાહીની લેખિત નોટીસ તમને આપે નહીં તો, તમે તે નોટીસ મળતા પહેલા CRC સમક્ષ ફરિયાદ દાખલ કરી શકો છો. જોકે, તમારે 90 દિવસની સમયમર્યાદાના 30 દિવસોની અંદર તમારી CRC ફરિયાદ દાખલ કરવી જરૂરી છે (બીજા શબ્દોમાં, પ્રાપ્તિકર્તા સમક્ષ તમારી ફરિયાદ તમે જે દિવસે દાખલ કરી હતી તેના પછીના 120 દિવસોની અંદર). જો તમારી ફરિયાદ પર પ્રાપ્તિકર્તા તમને અંતિમ કાર્યવાહીની લેખિત નોટીસ આપે પરંતુ તમે નિર્ણય અથવા ઉકેલથી અસંતુષ્ટ હોવ તો, તમે CRC સમક્ષ ફરિયાદ દાખલ કરી શકો છો. તમને અંતિમ કાર્યવાહીની નોટીસ જે તારીખ ઉપર મળી હતી તે તારીખના 30 દિવસોની અંદર તમારે તમારી CRC ફરિયાદ દાખલ કરવી જરૂરી છે.